ગાંધીનગર સમાચાર

રાજ્ય સરકાર અસહિષ્ણુ છે : શંકરસિંહ વાઘેલા

# આગામી ૭મીથી શાળાઓમાં ત્રિદિવસીય ગુણોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૮

આગામી ૭, ૮ અને ૯ જાન્યુઆરીના રોજ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવનું આયોજન કરવામાં આવશે.

**શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલુ આયોજન : ધો. ૬ થી ૮માં વાંચન-લેખન પર આ વખતે વિશેષ ભાર મુકાશે**

ત્રિદિવસીય ગુણોત્સવનું આ સાતમુ વર્ષ છે. આ વખતે ગુણોત્સવ દરમ્યાન ધો. ૬, ૭, ૮માં લેખન-ગણન-વાંચન પર વિશેષ ભાર મુકવામાં આવશે તેમ રાજ્યના શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું છે.

ગુણોત્સવ દરમ્યાન શાળાઓના બાહ્ય મૂલ્યાંકનની સાથે સાથે શૈક્ષણિક મૂલ્યાંકન કરી અને શાળાઓનું ગ્રેડેશન કરવામાં આવે છે. સરકારી શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ બાળકોને પ્રાપ્ત થાય તેમજ સરકારી શાળાઓ પણ ખાનગી શાળાઓ સાથે સ્પર્ધા કરી શકે તેવું વાતાવરણ સરકાર બનાવવાની દિશામાં આગળ વધી રહી છે.

રાજ્યની ૩૨ હજારથી વધુ શાળાઓમાં યોજાનાર ગુણોત્સવને લઈ શિક્ષણ વિભાગ દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ગુણોત્સવમાં રાજ્યના મંત્રીમંડળના સભ્યો, સનદી-પોલીસ અધિકારીઓ તેમજ અન્ય પદાધિકારીઓ મૂલ્યાંકનની કામગીરીમાં જોડાતા રહ્યા છે. આ ગુણોત્સવ દરમ્યાન શાળામાં તેજસ્વી ગુણાંક પ્રાપ્ત કરનાર બાળકોના સન્માનનો વિશેષ કાર્યક્રમ યોજવા બાબતે પણ વિચારણા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ ગુણોત્સવ દરમ્યાન શાળાની ભૌતિક સુવિધાઓ, શાળામાં ચાલતી શિક્ષણ ઉપરાંતની કાર્યવાહી, મધ્યાહન ભોજન યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં વધારો કે ઘટાડો સહિતની બાબતનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

આ મૂલ્યાંકન માટે શિક્ષણ વિભાગ દ્વારા એક ખાસ ચેક લિસ્ટ પણ તૈયાર કરી અને મૂલ્યાંકનકારને આપવામાં આવે છે જેમાં મૂલ્યાંકનની માર્કિંગ સિસ્ટમ સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

# આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૮

આજે ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક ચેરમેન શ્રી રાકેશ પટેલના અધ્યક્ષસ્થાને બપોરે ૩ વાગે મનપાના સ્ટેન્ડીંગ કમિટીના સભાખંડમાં મળશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની આ સ્થાયી સમિતિની બેઠકમાં ૧૨ જેટલા કામો સૂચવવામાં આવ્યા છે. શહેરમાં ફરતી લાયબ્રેરી કાર્યરત કરવા માટે પુસ્તકોની ખરીદી, મનપાના વધતા જતા તંત્રના વ્યાપને ધ્યાને રાખી વાહનોમાં જી.પી.એસ. સિસ્ટમ લગાડવા સહિતના મુદ્દાઓ આજની બેઠકમાં ચર્ચાશે.

મળતી વિગતો પ્રમાણે ચેરમેનશ્રી રાકેશ પટેલની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં સેન્ટ્રલ વિસ્ટાની જેમ કોર્પોરેશન હસ્તક મુકવામાં આવેલ

**બાલોદ્યાનની ટ્રેઈન; ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન સીસ્ટમ તેમજ ફરતી લાયબ્રેરી માટે પુસ્તકોની ખરીદી સહિતના મુદ્દાઓ આવશે**

બગીચાઓમાં સિનીયર સિટીઝનો માટે એક્સેસાઈઝના સાધનો મુકવા અંગે તેમજ કોર્પોરેશન હસ્તક મુકવામાં આવેલ બગીચાઓના આધુનિકરણ માટે કસસ્ટન્ટની નિયુક્તી કરવા બાબતે પણ ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

સેક્ટર-૨૮ના બગીચાનો વહીવટ સંભાળ્યા પછી અહિ મીની ટ્રેઈનને દોડતી કરવાનો મુદ્દો પણ આજની બેઠકમાં ચર્ચામાં આવે તેવી શક્યતાઓ છે. આ મીની ટ્રેઈનનું એન્જીનની મરામત પાછળ કરોડોના ખર્ચની સ્થિતિ હોવાથી રાજ્ય સરકાર પાસેથી ખાસ સહાયની માંગણી કરવાનો નિર્ણય આ બેઠકમાં લેવાય તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે.



(તસવીર : દિપક જાની)

ભર શિયાળે વાદળો - ગ્લોબલ વૉર્મિંગની અસરો વિશ્વના ખૂણેખૂણે થાય છે... લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી ઉતર્યા પછી પુનઃ ૧૪-૧૫ ડિગ્રી સુધી પહોંચે છે આમ ઠંડીની વધઘટના માહોલ વચ્ચે આકાશમાં વાદળો છવાય છે... અને કમોસમી વરસાદની આગાહી કરાઈ રહી છે... છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળોની ચહલપહલથી ચિંતાનું વાતાવરણ પ્રવર્તે છે... ખેતી અને પ્રસંગો બંનેમાં વિક્ષેપ અને નુકસાનની ભિતી પણ સેવાઈ રહી છે...

# રાજ્ય સરકાર અસહિષ્ણુ છે : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા. ૮

અમે તડજોડની રાજનીતિથી દૂર રહી અને જનાદેશનું સન્માન કરીશુ તેવી સ્પષ્ટ વાત કરતાં રાજ્ય સરકાર અસહિષ્ણુ હોવાનો ગંભીર આક્ષેપ વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ કર્યો છે.



આજે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે વિપક્ષનો હક્ક હોવા છતાં ઉપાધ્યક્ષપદ આપ્યુ નથી એટલુ જ નહિ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રોરેટા મુજબ સભ્યોને સ્થાન આપવુ જોઈએ તે પણ અપાયું નથી. અમે આ ચૂંટણીના પરિણામોમાં ભાજપને વિપક્ષ તરીકે જરૂરી બેઠકો નહિ મળી હોય ત્યાં પણ વિપક્ષના નેતાનું સ્થાન આપીશુ એટલુ જ નહિ જ્યાં સમિતિઓમાં પ્રોરેટા મુજબ સ્થાન આપવાનું થતુ હશે તો ત્યાં પણ આપીશુ પરંતુ મહાનગરોમાં પ્રોરેટા પ્રમાણે અમને સ્થાન મળવુ જોઈએ તેવી અમારી શરત છે.

શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે જ્યાં જ્યાં ભાજપ-કોંગ્રેસની એક સરખી બેઠકો હશે ત્યાં અમે

**અમે સ્થાનિક સ્વરાજ્યમાં તડજોડની રાજનીતિ નહિ કરીએ : મનપામાં પ્રોરેટા મુજબ કોંગી સભ્યોની નિમણુંક કરાય તેવી શરત સાથે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અમે ભાજપને પણ ન્યાય આપીશુ**

કોઈ તડજોડની રાજનીતિ નહિ કરીએ અમે જનાદેશનું સન્માન કરીશુ. તેમણે જણાવ્યું કે ગાંધીનગર સહિત કેટલાક સ્થાનોએ થયેલા પક્ષાંતરના કેસોનું સરકાર પક્ષે જે રીતે યેનકેન પ્રકારેણ લંબાવવાના પ્રયાસો થયા હતા તે વાત સૌને વિદીત છે.

તેમણે જણાવ્યું હતુ કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં શહેરી વિસ્તારમાં ૧૧ થી ૧૨ ટકા મતોનું

● અનુસંધાન પાન-૭ પર

# સરદાર પટેલની પ્રતિમા આસપાસ સર્કલ બનાવાશે

**સ્ટોન ફ્લોરીંગ ઉપરાંત બે પેટર્ન મુજબ લેન્ડ સ્કેપીંગ કરાશે : બે મહીનામાં કામ પુર્ણ કરી દેવાશે**

ગાંધીનગર તા ૮

શહેરના હાર્દસમા વિસ્તાર સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની ભવ્ય પ્રતિમાનુ અનાવરણ કરવામાં આવ્યુ છે. જયારે હાલ આ પ્રતિમા આસપાસ લેન્ટ સ્કેપીંગ કરવાનુ કામ ચાલી રહયુ છે.સરદાર પટેલની પ્રતિમા ફરતે સ્ટોન ફલોરીંગ કરવામાં આવશે.પ્રતિમા આસપાસ સર્કલ બનાવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨૫ લાખનો ખર્ચ કરવામાં આવશે.

સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની મિશ્ર ધાતુની ૩૦ ફુટ મુર્તિનુ અનાવરણ કરવામાં આવ્યા બાદ હાલ આ મુર્તિ આસપાસ લેન્ડ સ્કેપીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.જેમાં બે પ્રકારે હાર્ડ અને સોફ્ટ સ્કેપીંગ કરવામાં આવશે. વોક વે ને જોડવા માટે છારૂ પાથ બનાવાશે.સ્ટેચ્યુ આસપાસ સ્ટોન ફલોરીંગ અને કલેડીંગ કરવામાં આવશે. જયારે સર્કલ બનાવી આ ભાગને વધુ આકર્ષિત કરવામાં આવશે. સરદાર પટેલની પ્રતિમાને

● અનુસંધાન પાન-૭ પર

# ટાવર કોલોનીના મામલે મુખ્ય ઈજનેરે સાઈટનુ નિરિક્ષણ કર્યુ

ગાંધીનગર તા ૮

શહેરમાં નિકાલ હેઠળના મકાનોના ઠેકાણે સરકારી વસાહતનુ નિર્માણ કરવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા અદ્યતન ટાવર કોલોની બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે કરોડો ખર્ચે નિર્માણ કરવામાં આવનારી આ કોલોનીના મામલે તંત્ર કક્ષાએ નવી સ્થળ પસંદગી કરવા મથામણ શરૂ કરી દેવામાં આવી છે.માર્ગ મકાન વિભાગના મુખ્ય ઈજનેર તેમજ અન્ય અધિકારીઓ દ્વારા આ મામલે સે-૭માં સ્થળ સ્થિતિનો અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો. જેના અંતે અહીં નવી સરકારી વસાહતનુ નિર્માણ કરવા પણ ટુંકમાં આખરી નિર્ણય લેવાય તેવી સંભાવના છે.

શહેરમાં નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડી પાડવામાં આવ્યા બાદ સે-૨૯ અને ૩૦માં સરકારી રહેણાંક માટે નવા મકાનો બાંધવાનો નિર્ણય લેવાયો હતો. જયારે આ પ્રોજેકટને અનુલક્ષીને ટેન્ડપ પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી હતી. પરંતુ ટાવર કોલોની માટે

**સે-૭ અને ૧૩ માં સ્થળ સ્થિતિનો અભ્યાસ કરાયો ટાઉન પ્લાનીંગનો અભિપ્રાય લઈ નવી સાઈટ નક્કી કરાશે**

આ સાઈટ અનુકુળ ન હોવાનુ સ્પષ્ટ થતા તંત્ર દ્વારા અન્ય ઠેકાણે કોલોની બાંધવા માટે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. સરકારી કર્મચારીઓના વસવાટ માટે સુવિધાયુકત કોલોનીનુ

● અનુસંધાન પાન-૭ પર






# પેથાપુર નગરપાલિકાના નવા સીમાંકનની કવાયત આરંભાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની પેથાપુર નગરપાલિકાની મુદત આગામી ફેબ્રુઆરી માસમાં પૂર્ણ થઈ રહી હોવાથી તેના નવા સીમાંકન અંગેની કવાયત હાથ ધરવામાં આવી છે.

**એક વોર્ડ ઘટશે પણ ત્રણ બેઠકો વધશે : ૪૫૦૦ વસ્તીનું માપદંડ રાખી વોર્ડ રચના કરાશે**

રાજ્ય સરકારે સુધારેલા નિયમોને આધીન નવુ સીમાંકન કરાશે. હાલ પેથાપુર નગરપાલિકાની વસ્તી ૨૬ હજાર જેટલી છે. નગરપાલિકાના હાલના સાત વોર્ડ અને ૨૧ બેઠકો છે તેને બદલે ૬ વોર્ડ કરાશે અને ત્રણ બેઠકના વધારા સાથે ૨૪ બેઠકોની નગરપાલિકા બનશે.

મળતી વિગતો પ્રમાણે વસ્તીના આંકડાઓને આધાર બનાવી અને નવુ સીમાંકન કરવામાં આવશે. જેને ધ્યાને લેતાં ૪૫૦૦ જેટલી વસ્તીનો એક વોર્ડ બની શકે છે. નવા સીમાંકનમાં બેઠકોના રોટેશનમાં પણ ફેરફાર થશે જો કે હાલ તો આ કવાયત પ્રાથમિક તબક્કે છે.

નગરપાલિકાના સીમાંકન અંગેની દરખાસ્ત ચૂંટણી પંચને જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં મોકલી આપવામાં આવશે. જિલ્લામાં હાલ બે નગર પાલિકાઓની ચૂંટણીઓ સંપન્ન થઈ છે જ્યારે માણસા અને પેથાપુર નગરપાલિકાની ચૂંટણીઓ આગામી વર્ષમાં યોજાવાની છે.

માણસા નગરપાલિકાની મુદત ઓક્ટો.માં પૂર્ણ થશે તેથી તેના સીમાંકનમાં હાલ કોઈ ફેરફાર કરવાની ઉતાવળમાં તંત્ર નથી. તંત્ર દ્વારા હાલ પેથાપુર નગરપાલિકાના નવા સીમાંકન માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

કલોલ અને દહેગામ નગરપાલિકાની ચૂંટણીઓ સંપન્ન થઈ ચુકી છે. જ્યારે પેથાપુર નગરપાલિકા હાલ ભાજપ હસ્તક છે અને આગામી ત્રણ માસમાં તેની ચૂંટણીઓ છે. પેથાપુર નગરપાલિકા પહેલાં કોંગ્રેસે કબ્જે કરી હતી જે ઉલ્લેખનીય છે.

પેથાપુર નગરપાલિકાની આવી રહેલી સામાન્ય ચૂંટણીને લઈ રાજકીય પક્ષોએ પણ તેમની પ્રાથમિક કવાયત ખાનગીમાં હાથ ધરી છે.


**જોઈએ છે**

માર્કેટીંગ માટે માણસો, આકર્ષક પગાર, અનુભવીને પ્રથમ પસંદગી

મો. : ૯૮૨૪૯ ૪૧૭૧૦








Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com